# ગુજરાત યુનિવર્સિટી ત્રણ વર્ષ એલએલ.બી અભ્યાસક્રમ સેમેસ્ટર-1 પ્રવેશ અંગેની નોટીસ

## વર્ષ-2020-21

1 ગુજરાત યુનીવર્સીટી સંલગ્ન તમામ લો કોલેજો માટે ત્રણ વર્ષ એલએલ .બી અભ્યાસક્રમમાં સેમેસ્ટર-1માં કેન્દ્રીયકૃત પ્રવેશ માટેની કાર્યવાહી **તા 26-10-2020 થી** ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ https://eform.gujaratuniversity.ac.in/ પર મુકેલ સૂચના મુજબ ઓન લાઈન પીન મળશે અને તારીખ **26-10-2020** થી અરજીઓ સ્વીકારવામાં આવશે. આ અંગેની બુકલેટની ગુજરાત યુનીવર્સીટી વેબસાઈટ પર મુકેલ સોફ્ટ કોપી તમામ વિદ્યાર્થીઓએ કાળજીપૂર્વક વાંચી લેવી. પ્રવેશ પ્રક્રિયાનો સૂચિત કાર્યક્રમ વખતોવખત ઉપરોક્ત વેબસાઈટ પર નોટીસ દ્વારા મુકવામાં આવશે.

2 માન્ય યુનિવર્સિટીમાંથી 45% કે વધુ, SC /ST કેટેગરી માટે 40% કે વધુ અને SEBC કેટેગરી માટે 42 % કે વધુ માર્ક્સ સાથે સ્નાતક થયેલ વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઓન લાઈન અરજી કરી શકશે.

3 આ અભ્યાસ ક્રમમાં ઓન લાઈન અરજી કરવા સૌ પ્રથમ વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ https://eform.gujaratuniversity.ac.in/ પર લોગ ઇન થઇ રૂ. 175/- નું ઓન લાઈન પેમેન્ટ કરી પીન નંબર મેળવવાનો રહેશે.

**પીન નંબર મેળવવાની પ્રક્રિયા :**

વિદ્યાર્થીએ ઉપરોક્ત વેબસાઈટ પર લોગ ઇન થઇ Obtain Pin પર ક્લિક કરી પોતાનો મોબાઈલ નંબર અને ઈ મેઈલ આઈ.ડી. આપવાનું રહેશે. ત્યારબાદ રૂ. 175/- નું ઓન લાઈન પેમેન્ટ કરવાથી વિદ્યાર્થીના મોબાઈલ પર SMS દ્વારા અને ઈ મેઈલ પર પીન નંબર અને સીરીયલ નંબર આવશે. જેની મદદથી વિદ્યાર્થીએ ઓન લાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

4 ઓન લાઈન રજીસ્ટ્રેશન માટે લોગઓન કરતા પહેલા દરેક વિધાર્થીએ નીચેના દસ્તાવેજોની સોફ્ટ કોપી અને પોતાનો મોબાઈલ સાથે રાખવો અનિવાર્ય રહેશે.

- પોતાના પાસપોર્ટ સાઇઝ ફોટાની સોફ્ટ કોપી (10 kb to 50 kbસાઇઝ JPG ફાઈલમાં)
- પોતાની સહીની સોફટ કોપી (5kb થી 30 kb સાઇઝ JPG File)
- ક્વોલીફાયીગ પરીક્ષાની (સ્નાતક પરીક્ષાના છેલ્લા ચાર સેમિસ્ટર કે છેલ્લા બે વર્ષની પરીક્ષાની માર્કશીટની) સોફ્ટ કોપી
- ગુજરાત સરકારના સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ કેટેગરી સર્ટીફીકેટની (SC/ST/SEBC/EWS/Phy Handi) સોફ્ટ કોપી જો લાગુ પડતું હોય તો
- ગુજરાત સરકારના સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ SEBC કેટેગરીના વિદ્યાર્થીઓ માટે નોન ક્રીમી લેયર સર્ટીફીકેટ(તાજેતારનું)ની સોફ્ટ કોપી
- સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ કે અન્ય જન્મ તારીખ દર્શાવતા પ્રમાણપત્રની સોફ્ટ કોપી
- અન્ય યુનીવર્સીટી માંથી આવતા વિદ્યાર્થીઓએ જો તેમની સ્નાતક પરીક્ષાની છેલ્લા બે સેમેસ્ટરની કે છેલ્લા વર્ષની માર્કશીટમાં માર્ક્સ કે ટકા ન લખેલ હોય તથા માર્કશીટમાં માત્ર ગ્રેડ કે CGPA લખેલ હોય તેમણે પોતાની યુનીવર્સીટીના સક્ષમ અધિકારી પાસેથી “સમકક્ષ ટકા”નું સર્ટીફીકેટ (Equivalent Percentage Certificate)

**જો વિદ્યાર્થીની ગ્રેજ્યુએશન – ક્વોલીફાયિંગ પરીક્ષાની માર્કશીટમાં મેળવેલ ગુણ કે ટકા દર્શાવેલ ન હોય અને માત્ર ગ્રેડ કે CGPA જ દર્શાવેલ હોય તો આવા વિદ્યાર્થીઓએ ઓન લાઈન અરજી કરતી વખતે પોતાની યુનીવર્સીટીના સક્ષમ અધિકારી પાસેથી "સમકક્ષ ટકા"નું સર્ટીફીકેટ ( Equivalent Percentage Certificate) જોડવું ફરજીયાત છે. આવું સર્ટીફીકેટ અપલોડ કરેલ નહિ હોય તેવા વિદ્યાર્થીઓનો સમાવેશ મેરીટ લીસ્ટમાં કરી શકશે નહિ.**

- **ગુજરાત રાજ્ય બહારની યુનીવર્સીટીમાંથી** છેલ્લી પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓએ ગુજરાત યુનીવર્સીટીમાંથી ઓન લાઈન અરજી દ્વારા મેળવેલ **Provisional Eligibility Certificate (PEC)** ની સોફ્ટ કોપી.

5 ત્રણ વર્ષ એલ એલ.બી અભ્યાસ ક્રમ માટે પોતાનું ઓન લાઈન રજીસ્ટ્રેશન કરતી વખતે વિદ્યાર્થીએ વેબસાઈટ પર જ પોતાના સ્નાતક (ગ્રેજ્યુએટ) અભ્યાસક્રમનાં છેલ્લા ચાર સેમેસ્ટર (કે છેલ્લા બે વર્ષ) , H.S.C. પરીક્ષાના માર્ક્સ ત થા જન્મ તારીખ ની વિગતો આપવાની રહેશે તથા ફોટોગ્રાફ અને સહી સોફટ કોપી માં (આગળ દર્શાવેલ સાઈઝમાં) અપલોડ કરવાની રહેશે. તથા છેલ્લા બે સેમિસ્ટરની(કેછેલ્લા વર્ષની) માર્કશીટ અપલોડ કરવાની રહેશે.

6 **<u>સેમેસ્ટર સિસ્ટમ નાં વિધાર્થીઓએ સ્નાતક પરીક્ષા નાં છેલ્લા બે સેમેસ્ટર નાં માર્ક્સ તથા ટકા અપલોડ કરવા. વાર્ષિક સિસ્ટમનાં વિધાર્થીઓએ છેલ્લા વર્ષની પરીક્ષાનાં માર્ક્સ તથા ટકા અપલોડ કરવા. અન્ય યુનીવર્સીટી માંથી આવતા વિદ્યાર્થીઓએ જો તેમની સ્નાતક પરીક્ષાની છેલ્લા બે સેમેસ્ટરની કે છેલ્લા વર્ષની માર્કશીટમાં માર્ક્સ કે ટકા ન લખેલ હોય તથા માર્કશીટમાં માત્ર ગ્રેડ કે CGPA લખેલ હોય તેમણે પોતાની યુનીવર્સીટીના સક્ષમ અધિકારી પાસેથી "સમકક્ષ ટકા "નું ( Equivalent Percentage) સર્ટીફીકેટ કઢાવી તે મુજબ ની ટકાવારી દર્શાવવાની રહેશે તથા આ સર્ટીફીકેટ ની સોફ્ટ કોપી ઓન લાઈન અરજી કરતી વખતે અપલોડ કરવાની રહેશે. અન્યથા ફોર્મ વેરીફાય થશે નહિ તથા આવા વિદ્યાર્થીનું નામ મેરીટમાં ગણાશે નહિ.</u>**

7 જે વિધાર્થીઓએ તેમની <u>સ્નાતક</u> (કવોલિ ફાઇગ) પરીક્ષા (ગ્રેજ્યુએશન) વર્ષ 2020મા ગુજરાત યુનિવર્સીટીમાંથી જ પાસ કરેલ હોય તથા જેઓ ઓપન (જનરલ) કેટેગરીમાં આવતા હોય (SC/ST/SEBC તથા Phd. Handi. સિવાય) તેમના સેમિસ્ટર ૫ અને ૬ નાં માર્કસ અન્ય વિગતો ભરતા સોફ્ટવેર આપોઆપ લઇ લેશે જો આમ ન થાય તો વિદ્યાર્થીએ પોતાના માર્ક્સ અને અન્ય વિગતોની એન્ટ્રી કરવાની રહેશે.

8 SEBC(સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ)નાં વિધાર્થીઓએ ઓન લાઈન ફોર્મ ભરતી વખતે પ્રવેશ તા રીખનાં ત્રણ વર્ષ પહેલા સુધીના (કે રાજ્ય સરકાર નક્કી કરે તે મુજબજી તારીખ સુધીના) ગુજરાત રાજ્ય ના સમુચિત સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ નોન કીમીલેયર સર્ટફિકેટ અચૂક અપલોડ કરવું, અન્યથા તેમની નોધણી જનરલ કેટેગરીમાં થયેલ ગણાશે.

9 આર્થિક રીતે પછાત –Economically Backward Section (EWS) કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્ય દ્વારા સૂચિત સક્ષમ અધિકારી પાસેથી EWSનું સર્ટીફીકેટ મેળવી ઓન લાઈન પ્રવેશ ફોર્મ ભરતી અચૂક અપલોડ કરવું , અન્યથા તેમની નોધણી જનરલ કેટેગરીમાં થયેલ ગણાશે.

10 **Phy. Hadi** કેટેગરીનાં વિદ્યાર્થી ઓએ ગુજરાત રાજ્ય દ્વારા સૂચિત સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ૪૦% કે વધુ શારીરિક અક્ષમતા અગેનું સિવિલ સર્જનનું અસલ પ્રમાણ-પત્ર ઓન લાઈન પ્રવેશ ફોર્મ ભરતી અચૂક અપલોડ કરવું , અન્યથા તેમની નોધણી જનરલ કેટેગરીમાં થયેલ ગણાશે.

11 ગુજરાત રાજ્ય બહારની અન્ય યુનિવ ર્સિટીમાંથી અ ભ્યાસ કરેલ વિધાર્થીઓએ ઓનલાઇન અરજી કરતા પહેલા ગુજરાત યુનિવર્સિટીમાથી Provisional Eligibility Certificate (PEC) મેળવી લેવાનુ રહેશે. Provisional Eligibility Certificate (PEC) સર્ટીફીકેટ માટે ઓન લાઈન ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ પરથી અરજી કરવાની રહેશે અરજી સાથે વિધાર્થીએ અસલ માર્કશીટ-દસ્તાવેજો અપલોડ કરી તથા ઓન લાઈન નિયત ફી ભરી Provisional Eligibility Certificate (PEC) મેળવાનું રહેશે. જેની સોફ્ટ કોપી ઓન લાઈન અરજી સાથે અપલોડ કરવાની રહેશે.

12 જે વિધાર્થીઓ ગુજરાત રાજ્યની જ, પરંતુ અન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલ હોય/છેલ્લી પરીક્ષા આપેલ હોય તેમણે હાલ **Provisional Eligibility Certificate (PEC) સર્ટીફીકેટ લેવાનું નથી પરંતુ આવા વિધાર્થીઓએ એક્વાર એડમિશન લઇ લીધા બાદ ઓન લાઈન Provisional Eligibility Certificate (PEC) સર્ટીફીકેટ મેળવવાનું રહેશે.**

13 જે વિધાર્થીઓએ સ્નાતક પ રીક્ષા અન્ય યુનિવર્સિટીમાંથી પાસ કરેલ હોય તથા ત્યાર બાદ ગુજરાત યુનિવ ર્સિટીનો કોઈ અભ્યાસક્રમ કરેલ હોય તેમનો સમાવેશ “other University” માં થશે. પરંતુ આવા વિધા ર્થીઓએ ગુજરાત યુનિવ ર્સિટીમાંથી Provisional Eligibility Certificate (PEC) સર્ટીફીકેટ લેવાનુ રહેશે નહી. પરંતુ જે વિદ્યાર્થીઓ એ ગુજરાત યુનીવર્સીટી માંથી સ્નાતક થઇ અન્ય યુનીવર્સીટીમાં પ્રવેશ મેળવેલ હોય તેમણે ઉપરોક્ત જોગવાઈ મુજબ **Provisional Eligibility Certificate (PEC) સર્ટીફીકેટ લેવાનું રહેશે પણ તેઓનો સમાવેશ ગુજ રાત યુનીવર્સીટીના વિદ્યાર્થીઓની કેટેગરીમાં જ થશે.**

14 **CA, CS** કે અન્ય ફુલટાઇમ કોર્સ કરતા વિધાર્થીઓ આ અભ્યાસની સાથે બાર કાઉ ન્સિલ ઓફ ઇન્ડિયાનાં નિયમાનુસાર એલએલ.બી નો અ ભ્યાસ કરી શક્તા નથી. ત્રણ વર્ષનો એલએલ.બી અભ્યાસક્રમ ફુલટાઇમ અભ્યાસક્રમ છે તથા તેમાં બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના નિયમો તેમ જ ગુજરાત યુનીવર્સીટી ઓર્ડીનન્સ મુજબ ૭0 % હાજરી અનિવાર્ય છે.

15 નિયત તારીખે (અથવા ત્યારબાદ ની સૂચિત તારીખે) ગુજરાત યુનિવર્સીટી વેબસાઈટ ઉપર પ્રોવિઝનલ મેરિટ લીસ્ટ મુકવામાં આવશે જે માં વિધાર્થીનાં માર્ક સ, કેટેગરી તથા તેણે ભરેલ કોલેજ વિકલ્પોના આધારે મુકવામાં આવશે. આ લીસ્ટ માં જો કોઈ માર્કસ/કેટેગરીની ભુલ જણાય તો વિધાર્થીએ નિયત કરેલ સમય મર્યાદામાં નીચેના ઈ મેઈલ આઈ.ડી. પર ઓન લાઈન અરજી કરી ભૂલ સુધારાની અરજી જરૂરી આધાર પુરાવાની નકલ સાથે કરવાની રહેશે.

**llb3querymerit@gmail.com**

નિયત સમય બાદ કોઈ પણ પ્રકારની ભૂલ અંગે કરેલ અરજી માન્ય રખાશે નહિ. પ્રોવિઝનલ મેરીટ લીસ્ટથી કોઈ પણ પ્રકારનું એડમીશન થઇ શકશે નહિ.

16 ફાઈનલ મેરિટ લિસ્ટમાં વિધાર્થીનું નામ છે કે નહિ તે વિદ્યાર્થી પોતાના રજીસ્ટ્રેશન નંબર, પીન નંબર આપી ગુજરાત યુનીવર્સીટીની વેબ સાઈટ પરથી નિયત તારીખ દરમ્યાન જોઈ શકશે.

જો વિદ્યાર્થીનો સમાવેશ પ્રથમ મેરીટ લીસ્ટ માં થયેલ હોય તો તેણે ઓન લાઈન ફી પેટે કે **Admission Offer Letter** તથા **Bank Receipt** ની પ્રિન્ટ લઇ **HDFC BANK** માં (જેના **Branch Address** ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ પર મુકેલ ત્રણ વર્ષ એલ એલ.બીની માહિતી પુસ્તિકામાં **pages 54-62** પર જોઈ શકાશે) કોઈ પણ બ્રાન્ચમાં રૂબરૂ ફી પેટે નિયત રકમ ભરી (ભાઈઓ રૂ . ૫૦૦/- તથા બહેનો રૂ. ૨૦૦/-) તેને ફાળવામાં આવેલ કોલેજ પર નિયત દિવસોમાં કોલેજ સમય દરમ્યાન જઈ જરૂરી અસલ દસ્તાવેજો બતાવી, બાકીની ફી ભરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે. નિયત સમય બાદ વિધાર્થીનો પ્રવેશ માટે હક રહેશે નહી, તથા પ્રવેશ આપોઆપ રદ્દ થશે . ફાઇનલ મેરીટ લીસ્ટમાં નામ હોય તે વિધા ર્થીઓ જ એડમિશન ઓફરલેટરની પ્રિન્ટ કાઢી શકશે.

17 **<u>સુચના :</u>**

**સમગ્ર એડમીશન પ્રક્રિયા દરમ્યાન કોલેજ પરની મુલાકાત દરમ્યાન દરેક વિદ્યાર્થીએ કોલેજ, ગુજરાત યુનીવર્સીટી અને કેન્દ્ર તેમ જ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ COVID 19ની ગાઈડલાઈન્સનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. તેમ જ જરૂરી શારીરિક અંતર રાખવાનું રહેશે. માસ્ક વગર વિદ્યાર્થીને કે COVID 19 ની માર્ગદર્શિકાનું પાલન નહિ કરનાર વિદ્યાર્થીને કોલેજમાં પ્રવેશ મળી શકશે નહિ.**

18 જે વિધાર્થીનું નામ પ્રથમ મેરીટ લીસ્ટમાં ન આવે તેણે બીજા મેરિટ લીસ્ટ સુધી રાહ જોવી.

19 જો વિદ્યાર્થીનું નામ પ્રથમ મેરીટ લીસ્ટમાં કોઈ લો કોલેજમાં આવેલ હોય પણ તેણે જો તે કોલેજમાં એડમીશન લેવું ન હોય અને અન્ય કોલેજમાં પ્રવેશ લેવા માંગતો હોય તો પણ તેણે તે ઉપરોક્ત પ્રક્રિયામાં નિયત બેંકમાં ઓન લાઈન કે ઓફ લાઈન પાર્ટ પેમેન્ટ (ભાઈઓ રૂ. ૫૦૦/- તથા બહેનો રૂ. ૨૦૦/-) કરી રીશફલીંગ રાઉન્ડની રાહ જોવી. રીશફલીંગ રાઉન્ડની નોટીસ આવ્યેથી આવા વિદ્યાર્થીઓએ રીશફલીંગ માટે ઓન લાઈન સમંતિ આપવાની રહેશે. તેમ જ આ રાઉન્ડની જરૂરી સૂચનાનું પાલન કરવાનું રહેશે.

20 જે વિધાર્થીઓની વય તા.**15/06/20** નાં રોજ ૩૦ વર્ષ કે તેથી વધુ (**SC** તથા **ST** કેટેગરીનાં વિધાર્થીઓની વય ઉપરોક્ત તા રીખનાં રોજ ૩૫ વર્ષ કે વધુ ) હોય તેમણે એડમિશન ઓફર થયેથી જે તે કોલેજમાં **Undertaking** આપવાનું રહેશે કે તેમ ને સર્વોચ્ચ અદાલત નાં વચગાળાનાં ચુકાદાના આધારે શરતી પ્રવેશ મળે છે. તથા તેમનો આ શરતી પ્રવેશ સર્વોચ્ચ અદાલતનાં આખરી ચુકાદાને આધિન રહેશે. આ **Undertaking**નો નમુનો ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ પર મુકેલ ત્રણ વર્ષ એલએલ.બીની માહિતી પુસ્તિકામાં **(Page No.51)** આપેલ છે.

નોંધ :- <u>આ નોટિસ વિધાર્થીઓને અનુકુળતા માટે છે વિગતવાર અને સચોટ માહિતી માટે ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ https://eform.gujaratuniversity.ac.in/ ઉપર મુકવામાં આવેલ માહિતી પુસ્તિકા જોવી.</u>